# :: રે.દી.મુ.નં.૧૯/૨૦૨૪ ::

# –:: આંક–૫ નીચે હુકમ ::–

| –:: એપીયરંન્સ ::– | |
|---|---|
| વાદીપક્ષે | : વિધ્વાન વકીલશ્રી આર.ડી.ગાબુ |
| પ્રતિવાદી પક્ષે | : વિ.વ.શ્રી બી.પી.અંબાણી |

(૧) **તકરારી મિલકતનું વર્ણન**

પક્ષકારો વચ્ચે **રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના મોજે: વિંછીયા ગામના ખાતા ૫૮૭ ના રે.સ.નં. ૬ પૈકી ૧/પૈકી ૩ ની ખેતીની જમીન જેના હે.આરે.ચો.મી.0-૪0-૪૯ વાળી જમીન તથા રે.સ.નં.૬ પૈકી ૧/પૈકી ૩/પૈકી ૧ ની જમીન હે.આરે.ચો.મી.0-૧૩-૧૩ વાળી જમીન** (જેને હવે પછી આ હુકમમાં દાવાવાળી મિલકત સંબોધવામાં આવેલ છે) બાબતે તકરાર છે.

(૧.એ) **વાદીએ માંગેલ વચગાળાની દાદ**

વાદીપક્ષે પ્રતિવાદી સામે દાવાવાળી મિલકત પરત્વે વાદીના ભાગનું પાર્ટીશન કરાવી આપવાની દાદ માંગતો દાવો દાખલ કરી સાથે સી.પી.કોડના ઓ.૩૯ રૂ.૧ તથા કલમ–૧૫૧ અન્વયે વચગાળાની મનાઈઅરજી રજુ કરી પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન વેચાણ, બક્ષીશ, ગીરો કે કોઇ પણ પ્રકારની જમીન ઉપર કાર્યવાહી કરે નહી તથા વાદીને વાદગ્રસ્ત જમીનમાં ખેતીકામ કરતા જતા-આવતા હરકત-અટકાયત

<u>કરે નહી તે મતલબનો કામચલાઉ મનાઈ હુકમ</u>ની દાદ માંગતી અરજી કરેલી છે.

(૨) **<u>વાદીપક્ષના કેસની ટુંકી હકીકત</u>**

વાદીપક્ષે તેમની મનાઈઅરજીના સમર્થનમાં નિ.૪/૧ થી ૪/૧૦ તથા માર્ક-૧૩/૧ થી ૧૩/૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીપક્ષના પ્લીડીંગ્સ અનુસાર, વાદી તથા પ્રતિવાદી પિતા-પુત્રી થાય છે. વાદગ્રસ્ત જમીન પ્રતિવાદીના નામજોગની તથા તેમના કબજા-ભોગવટામાં આવેલ છે. વાદગ્રસ્ત જમીન વડીલોપાર્જીત છે અને સદરહુ જમીનમાં પ્રતિવાદીનું નામ નોંધ નંબર-૨૦૫૪ થી વારસાઇની રૂઇએ દાખલ થયેલ. અને ત્યારબાદ નોંધ નં.૨૦૫૫ થી અન્ય સહ-હિસ્સેદારોએ સદરહુ જમીનમાંથી હકક કમી કરેલ તેમજ નોંધ નં.૨૪૭૮ થી પ્રતિવાદી તથા તેમના ભાઇએ ઘરમેળે વહેંચણી કરતા વાદગ્રસ્ત જમીન પ્રતિવાદીના કબજામાં આવેલી. આ કામના પ્રતિવાદી વાદીના પિતા થતા હોય અને વાદીના માતા જસુબેન મેરામભાઇ એ વાદીના પ્રથમ પત્ની છે અને તેઓનું અવસાન તારીખ:૧૩-૦૩-૧૯૯૭ ના રોજ થતા પ્રતિવાદી વાદીને તેઓના મામાના ઘરે મુકી ગયેલ. ત્યારબાદ પ્રતિવાદીએ બીજા લગ્ન લાભુબેન સાથે કરેલ હતા અને તે લગ્નથી પ્રતિવાદીને બે બાળકો છે. વાદી પ્રતિવાદીની પુત્રી થતા હોવાના નાતે વાદીનો વાદગ્રસ્ત જમીનોમાં ૧/૫ હિસ્સો રહેલો છે. વાદીએ પ્રતિવાદીને વાદી તથા અન્ય વારસદારોના ભાગે આવતી જમીનની રેવન્યુ રાહે વહેંચણ માટે

નોંધ પડાવવા માટે અવાર-નવાર રજુઆત કરેલ પરંતુ પ્રતિવાદી વાદીના હિસ્સાની જમીન તેમના નામે કરી આપવા માંગતા નથી અને વાદગ્રસ્ત જમીનમાં વાદીનો હકક-હિત હિસ્સો ડુબાડવા માંગે છે. અને તેથી આ કામના પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન વેચાણ કરવાની તૈયારી કરી રહયા છે જેથી માંગ્યા મુજબની વચગાળાની દાદ અપાવવા અરજ કરેલી છે.

(૩) <u>પ્રતિવાદીપક્ષના કેસની ટુંક હકીકત</u>

પ્રતિવાદી પક્ષે **આંક–૧૦** થી દાવા/મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરી કરી વાદીના કેસની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદી પ્રતિવાદીની પુત્રી નથી તથા વાદી કોણ છે અને શું કરે છે તેની તેઓને કોઇ માહિતી નથી. વાદીના માતા જસુબેન પ્રતિવાદીના પત્ની હતા નહી. આથી વાદગ્રસ્ત જમીનમાં વાદીનો કોઇ હકક-હિત હિસ્સો સમાયેલો નથી. સદરહુ મનાઈ અરજી ખર્ચ સહ નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તર્ફે વિ.વ.શ્રી. આર.ડી.ગાબુ ની મૌખિક દલીલો સાંભળી. વાદીને દાવા અરજી તથા મનાઇ અરજી મુજબની દલીલો કરેલ છે.

(૫) પ્ર.વાદી તર્ફે વિ.વ.શ્રી બી.પી.અંબાણીની મૌખિક દલીલો સાંભળી. પ્રતિવાદીએ તેઓના જવાબ મુજબની દલીલો કરેલ છે.

(૬) અરજી, જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા હાલની અરજીના યોગ્ય ન્યાયનિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વેનીયન્સ વાદીના

લાભમાં છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની શકયતા છે ?

(૪) શું હુકમ

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત મુદ્દાઓના તારણ ઉપર આવવાના મારા કારણો નીચે મુજબ છે. મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૮.૧) **<u>સી.પી.સીના કાનુની પ્રબંધો</u>**

સી.પી.સી.કલમ–૯૪ તથા ઓર્ડર–૩૯ ના પ્રબંધો જોવામાં આવે તો તેમા એવા પ્રબંધ છે કે જયારે સોગંદનામા કે બીજી રીતે એવુ સાબીત થાય કે દાવાનો કોઈપણ પક્ષકાર તકરારી મિલકત વેડફી નાંખી નુકશાન કરશે અથવા હુકમનામાની બજવણી માટે તે ગેર વ્યાજબી વેચશે કે દગો દેવાના ઉદેશથી મિલકત ખેસડવાની કે નિકાલ કરવાનો ઈરાદો રાખે છે કે વાદીનો કબજો છોડાવી લેવાની કે બીજી રીતે નુકશાન કરવાની ધમકી આપે ત્યારે ન્યાયાલય એવુ કાર્ય થતુ અટકાવવા દાવાનો નિકાલ થતા સુધી કે બીજો હુકમ થતા સુધી મિલકત વેડફાય જતી, નુકશાન થતુ, બીજાને આપી દેવાથી, ખસેડાતી કે નિકાલ થતી બંધ રખાવવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે એટલે કે જયારે પક્ષકારોનો પ્રથમદર્શનીય કેસ હોય અને

બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ જેની તરફેણમા હોય ત્યારે અદાલત તે પક્ષકારની તરફેણમાં રક્ષણાત્મક હુકમ કરી શકે છે.

(૮.ર) નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **ર૦૦૦ (૩) જી.એલ.આર.ર૭પ૯ (અદાણી એકસપોર્ટ વિ.હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમીકલ્સ)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' It is not necessary for Court to examine merits of the case to ascertain whether plaintiff is likely to succeed ''. નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **ર૦૦૭ (૧) જી.એલ.આર.૭૯ (જયંતીભાઈ મફતભાઈ પટેલ વિ.દિલીપભાઈ બેચરભાઈ પટેલ)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' Before granting ad interim injunction, the Court required to examine minutely merits of case to ascertain whether plaintiff has prima facie case to succeed ''. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા **૧૯૯પ (૩) એસ.સી.સી.૩૩ (મહાદેવ સાવલરામ શેલકે વિ.પુણે મ્યુની.કોર્પો)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' While exercising discretionary power, the court should also adopt the procedure of calling upon the plaintiff to file a bond to the satisfaction of the court that in the event of his failing in the suit to obtain the relief asked for in the plaint, he would adequately compensate the defendant for the loss ensued due to the order of injunction granted in favour of the plaintiff ''. આ ચુકાદા મુજબ અદાલત મનાઈહુકમ આપતી વખતે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી શરતો મુકી શકે છે. ઉપરોકત કાનુની પ્રબંધો ધ્યાને લઈ સદર અરજીઓ નિર્ણીત કરવામાં આવેલી છે.

(૯) <u>વાદીની મનાઈ અરજીના નિર્ણય અંગેના કારણો (ચર્ચા/મુલ્યાંકન)</u>

વાદીપક્ષે તેઓ પ્રતિવાદીના પુત્રી હોવાના નાતે વાદગ્રસ્ત મિલકતમાં હિસ્સો ઠરાવી તે મુજબનું પાર્ટીશન કરાવવા માટેનો દાવો લાવેલ છે. વાદીપક્ષે રજુ કરેલ દસ્તાવેજો જોવામાં આવે તો વાદીએ વાદગ્રસ્ત

જમીનોના રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમાં જમીન પ્રતિવાદીના નામે આવેલી હોવાનું જણાઇ આવે છે. તથા માર્ક- ૪/૭ વાળી નોંધ નંબર- ૨૦૫૪ તા.૨૯/૧૦/૨૦૧૦ વાળી જોતા જણાઇ આવે છે કે વાદગ્રસ્ત જમીન વારસાઇ થી પ્રતિવાદી તથા અન્ય સહ-હિસ્સેદારોના નામે થયેલી છે તથા નોંધ નંબર-૨૪૭૮ તા.૨૯/૧૦/૨૦૧૦ થી પ્રતિવાદી તથા તેઓના ભાઇ વચ્ચે કૌટુંબીક વહેંચણી થતા વાદગ્રસ્ત જમીન પ્રતિવાદીના સ્વતંત્ર નામે થયેલ છે. આથી એ હકીકત જણાઇ આવે છે કે વાદગ્રસ્ત જમીન એ વડીલોપાર્જીત છે અને વારસાઇ હકકે પ્રતિવાદીના નામે થયેલ છે. **હાલના કામે પ્રતિવાદી એ હકીકતનો ઇન્કાર કરે છે કે વાદી તેઓની પુત્રી છે પરંતુ આ કામે વાદી તર્ફે રજુ થયેલ માર્ક-૧૩/૧ વાળુ વાદીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર જોવામાં આવે તો તેમાં વાદીના પિતાના નામ તરીકે પ્રતિવાદીનું નામ આવેલુ જણાય છે. માર્ક-૧૩/૨ વાળો દસ્તાવેજ જોતા તે વાદીના જન્મનો દાખલો છે અને તેમાં પણ વાદીના પિતા તરીકે મેરામભાઇ અરજણભાઇ ઘાઘરેટીયા તથા માતાના નામ તરીકે જમુબેન હોવાનું જણાઇ આવે છે.** આથી વાદી એ પ્રતિવાદીની પુત્રી હોવાનું જણાઇ આવે છે. વધુમાં પ્રતિવાદી તર્ફે માર્ક-૧૧/૧ થી પ્રતિવાદીનો વારસાઇ આંબો રજુ કરેલ છે જેમાં વાદીને તેઓની પુત્રી તરીકે દર્શાવેલ નથી તેમજ સદરહુ માર્ક-૧૧/૧ વાળો દસ્તાવેજ હાલનો દાવો દાખલ થયા બાદ એટલે કે તારીખ: ૧૪/૧૧/૨૦૨૪ ના રોજ તૈયાર કરાયેલ

હોવાનું જણાય છે. પરંતુ વાદી પ્રતિવાદીની પુત્રી છે તે દર્શાવવા માટે પેઢીઆંબો નહી પરંતુ જન્મનો દાખલો એ મહત્વનો ગણી શકાય. આથી વાદીના શાળા છોડયાના પ્રમાણપત્ર તથા જન્મના દાખલાના આધારે પ્રથમદર્શનીય રીતે વાદી એ પ્રતિવાદીની પુત્રી હોવાનું જણાઇ આવે છે જે હકીકતનો પ્રતિવાદી એ તેઓના દાવાના જવાબમાં ઇન્કાર કરેલ છે. **આથી વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય છે**.

(૯.૨) **હિન્દુ વારસા અધિનિયમ ની કલમ-૬** ની જોગવાઇઓ મુજબ પુત્રી જન્મથી જ સંયુકત કુટુંબની મિલકતમાં સહ-હિસ્સેદાર બને છે તથા પુત્રને જે હકકો મળે છે તેવા જ હકકો મેળવવા તે સંયુકત કુટુંબની વડીલોપાર્જીત મિલકતમાં હકક મેળવવા હકકદાર બને છે.

નામદાર સુપ્રિમ કોર્ટે **Vineeta Sharma Versus Rakesh Sharma And Others- 2020 (9) SCC 1** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કામે વાદી પ્રતિવાદીની પુત્રી થતી હોય તેનો પ્રાયમાફેસી કેસ હોવાનું જણાઇ આવે છે.

(૯.૩) હાલના કામે વાદી તથા પ્રતિવાદીના કથન મુજબ વાદગ્રસ્ત મિલકતનો કબજો પ્રતિવાદી પાસે છે અને તેઓ મિલકતનો વહીવટ કરે છે તથા વાદીએ સદરહુ મિલકત ની કોઇ દરમ્યાન ઉપજ માંગેલ નથી આથી જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને કોઇ નુકશાન જાય તેમ નથી આથી સગવડતા-અગવડતાની સમતુલા પણ વાદીના પક્ષમાં હોવાનું જણાઇ આવે છે.

તેમજ વાદીના કથન મુજબ પ્રતિવાદી સદરહુ જમીન વેચવાની પેરવી કરી રહયા છે અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે અને પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન વેચી દે તો આ કામે બિન જરૂરી અનેક દાવા-દુવી ઉભા થાય તેમ છે. આથી પણ સગવડતા-અગવડતાની તુલના વાદીના પક્ષમાં હોવાનું જણાઇ આવે છે

(૯.૪) હાલના કામે વાદીના કથન મુજબ પ્રતિવાદી સદરહુ જમીન વેચવાની પેરવી કરી રહયા છે અને જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામાં આવે અને પ્રતિવાદી વાદગ્રસ્ત જમીન વેચી દે તો વાદીને નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન જવાની શકયાતા રહેલી છે. જયારે મનાઇ હુકમ મંજુર કરવાથી વાદીને કોઇ નુકશાન થાય તેમ નથી.

(૯.૩) જેથી સદર કામે ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદીના મનાઇ હુકમના આવશ્યક તત્વો વાદીની તરફેણમાં હોવાનું જણાતુ હોય વાદીના કેસને ન માનવાનું કોઈ કારણ નથી. આથી, આ તબકકે વાદીનો પ્રથમ દર્શનિય કેસ બને છે તેથી વાદીના પુત્રી તરીકેના અધિકારોના રક્ષણ કરવા માટે વાદગ્રસત મિલકતનું બીજે થતુ સ્થળાંતર કે નિકાલ અટકાવવો ન્યાયી અને વ્યાજબી જણાઈ આવે છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ હકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો ન્યાયીક હુકમ ફરમાવું છું.

**<u>:: હુકમ ::</u>**

(૧) વાદીપક્ષની આંક–૫ ની મનાઈ અરજી આથી અંશત: મંજુર કરી એવો હુકમ

કરવામાં આવે છે કે, આ દાવાનો આખરી નિર્ણય થતા સુધી કે બીજો કોઇ હુકમ થતા સુધી પ્રતિવાદી કે તેમના પ્રતિનીધીઓએ દાવાવાળી મિલકતો વેચાણ, ગીરો, બક્ષિસ, ભાડેથી કે અન્ય કોઈ રીતે કોઇને આપવી–અપાવવી નહી કે મિલકતને કોઈપણ રીતે ટ્રાંન્સફર કરવી–કરાવવી નહી યાંને કે સ્ટેટસ્કો યાને કે યથાવત પરિસ્થિતી દાવાનો આખરી નિકાલ થાય ત્યાં સુધી જાળવી રાખવાનો હુકમ વાદીપક્ષની તરફેણમાં અને પ્રતિવાદીપક્ષની વિરૂધ્ધમાં કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રવર્તમાન કોઈ કાયદાના અનાદર/ભંગ બદલની કે બેંકનો હકક, હિત, હિસ્સો, વસુલાત નિર્ણીત કરતી કોઈપણ કાર્યવાહીને સદર હુકમ બંધનકર્તા/અસરકર્તા બનશે નહી.

(૪) વાદીપક્ષે સી.પી.સી.ઓ.૭ રૂલ–૧૪ મુજબ દાવાઅરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો તથા પ્રતિવાદીપક્ષે સી.પી.સી.ઓ.૮, રૂલ–૧–એ મુજબ દસ્તાવેજી પુરાવા/કે તેની અસલ હવે પછીની મુદત તારીખે સી.પી.સી.ઓ.૧૩ રૂલ–૧ માં જણાવ્યા મુજબ રજુ કરી દેવાના રહેશે અને બંન્ને પક્ષોએ સી.પી.સી.ઓ.૧૨ રૂલ–૨ મુજબ તેમના વિરૂધ્ધપક્ષે રજુ કરેલ દસ્તાવેજો કબુલ (પુરાવા ધારા ક.૫૮ મુજબ) હોય તો તે શેરો કરી કબુલ કરી શકશે કે જેથી બિનજરૂરી પુરાવો/ઉલટતપાસ અટકાવી શકાય.

(૫) પક્ષકારોએ સી.પી.સી.ઓ.૧૬ રૂલ–૧(૧) મુજબ મુદ્દા ઘડાયાના દિન–૧૫ માં પોત પોતાનું સાહેદ લિસ્ટ રજુ કરવાનું રહેશે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૧/૨૦૨૫
વિંછીયા.

**(કૃતેશકુમાર નરેન્દ્રપ્રસાદ જોષી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
વિંછીયા(જજ કોડ-GJ01689)